RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 315* Date: 12.09.2022, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# કોંગ્રેસે ખેડૂતો-વેપારીઓને પાયમાલ કર્યાઃ અમિત શાહ

**આ પ્રસંગે અમિત શાહે કહ્યુ હતુ કે, 'સરકારી સંસ્થામાં સંઘાણીનું કામ પ્રશંસનીય છે. હું અહીં દિલીપભાઈને સર્ટિફિકેટ આપવા આવ્યો છું. આખા દેશના ૫૯૧ જિલ્લા ફરીને હું અમરેલી આવ્યો છું.**




અમરેલી,તા.૧૧

ચૂંટણીને આડે હવે ગણતરીના મહિનાઓ બાકી છે ત્યારે સત્તાપક્ષ ભાજપ એડીચોટીનું જોર લગાવી રહી છે. તેવામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવ્યાં છે. અમરેલીમાં યોજાયેલી સહકારી સમૃદ્ધિ કાર્યક્રમમાં અમિત શાહે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે, 'કોંગ્રેસે ખેડૂતોનો પાયમાલ કરી નાંખ્યા હતા. વેપારીઓની સ્થિતિ પણ કફોડી બની ગઈ હતી. તેટલું જ નહીં, કોંગ્રેસ શાસનમાં બધી ડેરીઓને તાળા લગાવવા પડ્યા હતા. કોંગ્રેસે તમામ ડેરીઓને નિષ્ફળ બનાવી હતી. અગાઉ માત્ર ૨૫ હજાર લિટર લિટર દૂધ પ્રોસસ થતું હતું.'

આ ઉપરાંત અમિત શાહે સરકારના વખાણ કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે, મોદી સરકારે ખેડૂત માટે અનેક યોજનાઓ બહાર પાડી હતી. દુનિયામાં મધ ઉત્પાદનમાં ભારત અગ્રેસર છે. કારણ કે મોદી સરકારે મધ ઉત્પાદન માટે પણ અનેક યોજનાઓ શરૂ કરી હતી. આ ઉપરાંત નરેન્દ્ર મોદી સરકારે પ્રાકૃતિક ખેતી ઉપર પણ ભાર મૂક્યો હતો. તેટલું જ નહીં, તમામ વસ્તુઓનું ડિજિટલાઈઝેનશન પણ કર્યું. મોટાભાગનું કામ ઓનલાઈન થઈ જાય તેવી વ્યવસ્થા પણ કરી છે.'

આ પ્રસંગે અમિત શાહે કહ્યુ હતુ કે, 'સરકારી સંસ્થામાં સંઘાણીનું કામ પ્રશંસનીય છે. હું અહીં દિલીપભાઈને સર્ટિફિકેટ આપવા આવ્યો છું. આખા દેશના ૫૯૧ જિલ્લા ફરીને હું અમરેલી આવ્યો છું. અમરેલીએ દેશને અનેક સહકારી આગેવાન આપ્યાં છે. મારી સામાન્ય સભામાં અનેક ફાઈલ ઉછળી હતી.' વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સહકારની સમૃદ્ધિ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંકલ્પ છે. પરસોત્તમ રૂપાલાજીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સહકાર મંત્રાલય ચાલુ કરવાની સલાહ આપી હતી.

આગામી ૨૯ અને ૩૦ સપ્ટેમ્બરે પણ ગુજરાત આવી શકે છે. ૨૯મીએ સુરત, અમદાવાદ અને ભાવનગરમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ ૩૦મીએ મેટ્રોના ફેઝ ૨નું ઉદ્‌ઘાટન કરશે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સપ્ટેમ્બરના અંતમાં ગુજરાત આવી શકે તેવી શક્યતા છે.

## શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટમાં જિનપિંગ-શાહબાઝ શરીફ સાથે વડાપ્રધાન મોદીની મુલાકાત થશે

નવીદિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) સમિટની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. ઉઝબેકિસ્તાનના સમરકંદમાં યોજાનારી આ બે દિવસીય સમિટમાં તમામ સભ્ય દેશોના રાષ્ટ્રાધ્યક્ષો હાજરી આપશે. વર્ષ ૨૦૧૯ (જૂન) પછી આ પ્રથમ સામ-સામે ઉપસ્થિત રહેવા સાથેની કોન્ફરન્સ હશે. ૨૦૧૯ માં, એસસીઓ સમિટ ૧૩ અને ૧૪ જૂનના રોજ કિર્ગિસ્તાનના બિશ્કેકમાં યોજાઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર વડાપ્રધાન ૧૪ સપ્ટેમ્બરે સમરકંદ પહોંચે, અને ૧૬ સપ્ટેમ્બરે ભારત પરત ફરે તેવી શક્યતા છે.

અહેવાલ મુજબ સમિટમાં ભારતની હાજરી અત્યંત મહત્વપૂર્ણ છે.

આ એટલા માટે છે કારણ કે સમરકંદમાં આ સમિટના અંતે ભારત એસસીઓનું રોટેશનલ પ્રેસિડન્સી સંભાળશે. દિલ્હી સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી આખા વર્ષ માટે આ જૂથની અધ્યક્ષતા કરશે. આ જ કારણ છે કે ભારત આવતા વર્ષે એસસીઓ સમિટનું આયોજન કરશે, જેમાં રશિયા, ચીન અને પાકિસ્તાનના નેતાઓ સામેલ થશે. એસસીઓ સમિટની બાજુમાં, ભારત કોઈપણ અન્ય સભ્ય દેશ સાથે દ્વિપક્ષીય બેઠક કરે તેવી પણ શક્યતા છે.

પીએમ મોદી ઉપરાંત રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ અને ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસી આ સમિટમાં ભાગ લેશે. જો કે દ્વિપક્ષીય બેઠક અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર સમિટ માટે તમામ સભ્ય દેશોના ટોચના નેતાઓ એક જ બેઠક ખંડમાં હાજર રહીને મળે તેવી શક્યતા છે. નોંધપાત્ર રીતે, પીએમ મોદીની ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે છેલ્લી દ્વિપક્ષીય બેઠક ૨૦૧૯ (નવેમ્બર) માં બ્રાઝિલમાં આયોજિત બ્રિક્સ સમિટ દરમિયાન થઈ હતી.

સૂત્રોએ જણાવ્યું કે પીએમ મોદી રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અને ઈરાનના રાષ્ટ્રપતિ રાયસી સાથે દ્વિપક્ષીય બેઠક કરે તેવી શક્યતા છે.

જયારે, પાકિસ્તાનના પીએમ શરીફની વાત કરીએ તો, પીએમ મોદી સાથેની તેમની મુલાકાતને લઈને હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી.

સૂત્રોએ જણાવ્યું હતું કે યુક્રેન પર રશિયન આક્રમણને કારણે ઉભી થયેલી ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ અને વિશ્વ પર તેની ખરાબ અસરો પર આ બેઠકમાં ચર્ચા થવાની સંભાવના છે. આ સિવાય તાલિબાનના કબજા બાદ અફઘાનિસ્તાનની વર્તમાન સ્થિતિ પર પણ ચર્ચા થઈ શકે છે. કારણ કે ઘણા SCO સભ્ય દેશો અફઘાનિસ્તાનના પડોશી છે.

## નીતિશ કુમાર વડાપ્રધાન મોદીનો વિકલ્પ નહીં હોય શકે, તેઓ ઈશ્વરની રચના છેઃ ઉમા ભારતી

ભોપાલ,તા,૧૧

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ઉમા ભારતીએ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની દારૂબંદીના નિર્ણયના ખૂલીને વખાણ કર્યા. ઉમા ભારતીએ બિહારમાં દારૂબંદી લાગુ કરવાના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો અને નીતિશ કુમારને સાહસી કહ્યા. જોકે જ્યારે વિપક્ષી પાર્ટીના ચહેરાને લઈને સવાલ કરવામાં આવ્યો તો ઉમા ભારતીએ નીતિશ કુમારને વિકલ્પ ન માન્યા. તેમનું કહેવું હતું કે તેઓ (નીતિશ કુમાર) વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વિકલ્પ નહીં બની શકે. મોદી 'ઈશ્વરની રચના છે.



મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતી લાંબા સમયથી ભાજપ શાસિત રાજ્યોમાં દારૂ પર સંપૂર્ણ પ્રતિબંધની માગણી કરી રહ્યા છે. તેઓ મધ્ય પ્રદેશનમાં પણ દારૂની દુકાનોને લઈને સવાલ ઊભા કરી ચૂક્યા છે અને ભાજપના હાઈકમાનને ચિઠ્ઠી પણ લખી ચૂક્યા છે. ઉમા ભારતીએ મધ્ય પ્રદેશમાં દારૂ પર બેન લગાવવાના માટે માર્ગ પર ઉતરવાના છે. આ અગાઉ તેમણે મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પાસે પણ દારૂ પર પ્રતિબંધ લગાવવાની માગણી કરી હતી.

રિપોર્ટ મુજબ ઉમા ભારતીએ ભોપાલમાં પોતાના આવાસ પર પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, 'નીતિશ કુમારે ઓછામાં ઓછી પોતાના રાજ્યમાં પૂર્ણ દારૂબંદી કરવાની હિંમત તો દેખાડી છે.' જ્યારે ઉમા ભારતીને પૂછવામાં આવ્યું કે નીતિશ કુમારે હાલમાં જ ભાજપ સાથે સંબંધ તોડી દીધા છે અને વિપક્ષી પાર્ટીઓની એકતા માટે લામબંદી કરવામાં લાગ્યા છે તો શું મોદીના વિકલ્પના રૂપમાં ઉભરશે? આ સવાલના જવાબમાં તેમણે કહ્યું કે, તેઓ એમ નહીં કરી શકે કેમ કે, આ સવાલ જ ઊઠતો નથી.મોદીનો વિકલ્પ બનવાનો કોઈ સવાલ જ નથી. મોદીજી એક અદ્વિતીય વ્યક્તિત્વ છે અને એવું વ્યક્તિત્વ કદાચ જ કી દુનિયામાં આવી છે. ઉમા ભારતીએ આગળ કહ્યું કે, તેઓ (વડાપ્રધાન નરેન્દ્ર મોદી) ભગવાનની રચના છે અને લોકો તેમની સાથે છે. જોકે તેમણે નીતિશ કુમારના અલગ થવાથી વિપક્ષને લાભ મળવાની વાત ખૂલીને સ્વીકારી. તેમણે કહ્યું કે નીતિશ કુમારના પ્રયાસોથી વિપક્ષ મજબૂત થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે કહ્યું છે કે દેશને મજબૂત વિપક્ષની જરૂરિયાત છે કેમ કે તે લોકતંત્ર માટે સારું છે.

ઉમા ભારતીએ મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણની રાજ્યમાં દારૂના વેચણને પ્રતિબંધિત કરવાની ઈચ્છાનું સ્વાગત કર્યું અને કહ્યું કે તેઓ ૨ ઓક્ટોબર (ગાંધી જયંતી)ના અવસર પર રાજ્ય સરકારના સમન્વયમાં મહિલાઓની ભાગીદારી સાથે દારૂ વિરુદ્ધ જાગૃતિ અભિયાન ચલાવશે. તેમણે કહ્યું કે, ભોપાલમાં મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે બેસીને મહિલાઓ આ મુદ્દા પર જાગૃતિ વધારશે. ઉમા ભારતી લાંબા સમયથી નશાના કારણે મહિલાઓનું ઉત્પીડન અને દારૂબંદીની માગણીનો સંદર્ભ આપતા રાજ્યમાં દારૂના વેચાણનો વિરોધ કરી રહ્યા છે.

ઉમા ભારતીએ બ્રાહ્મણ સમાજ વિરુદ્ધ આપત્તિજનક ટિપ્પણી બાબતે પ્રીતમ સિંહ લોધીની નિંદા કરી હતી. તેમણે કહ્યું કે, હું તેને બોલી અને આ મુદ્દા પર ભાજપના પ્રદેશ અધ્યક્ષ વી.ડી. શર્મા પાસે માફી માગવા કહ્યું હતું. જોકે લોધી દ્વારા માફી માગ્યા બાદ પણ ભાજપે તેને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધો. પ્રિતમને ઉમા ભારતીનો નજીકનો માનવામાં આવે છે. તો મધ્ય પ્રદેશની પોષણ આહાર પોષણ યોજનામાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા ભ્રષ્ટાચારનો આરોપ લગાવવા પર ઉમા ભારતીએ કહ્યું કે મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણ પહેલા જ એક નિવેદન આપી ચૂક્યા છે અને તેઓ આ મુદ્દા પર કોઈ ટિપ્પણી નહીં કરે.

## કેજરીવાલ પાસે જાહેરાત માટે પૈસા છે પરંતુ પગાર આપવા માટે નથી : શહજાદ પુનાવાલા

નવીદિલ્હી,તા.૧૧

પંજાબની ભગવંત માન સરકારના કર્મચારીઓને ગત મહીનાન પગાર આપવામાં થયેલ વિલંબ પર ભાજપે આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલ પર જોરદાર પ્રહારો કર્યા હતાં ભાજપ નેતા શહજાદ પુનાવાલાએ કહ્યું કે આમ આદમી પાર્ટીની સરકાર પાસે જાહેરાત માટે પૈસા છે પરંતુ કર્મચારીઓને આપવા માટે નથી જો કે તેમના આ નિવેદન બાદ બંન્ને પાર્ટીઓના નેતાઓની વચ્ચે એક બીજાની વિરૂધ્ધ ટ્વિટર પર પણ સંગ્રામ શરૂ થઇ ગયો છે.



તેમણે ટ્વીટ કર્યું અને કહ્યું કે આપ સરકારની પાસે જાહેરાત માટે પૈસા છે પરંતુ પંજાબ સરકારના કર્મચારીઓને પગાર આપવા માટે પૈસા નથી,પંજાબમાં ગરીબોને મફત સારવાર આપનારી હોસ્પિટલોને વળતર આપવા માટે પૈસા નથી,દિલ્હીમાં શિક્ષકોના પગાર માટે કે ડીડીયુ કોલેજ માટે કોઇ પૈસા નથી અને પદક જીતનાર અને ભારતનું ગૌરવ વધારનારા એથલીટો માટે કોઇ પૈસા નથી

જો કે પંજાબ સરકારે તૃતીય અને ચતુર્થ શ્રેણીના કર્મચારીઓનો પગાર ચુકવી દીધો છે.રાજયના નાણાંમંત્રી હરપાલ ચીમાએ કહ્યું કે પંજાબ સરકારે પોતાના કર્મચારીઓના ઓગષ્ટ મહીનાના પગાર માટે ૩,૪૦૦ કરોડ રૂપિયા જારી કરી દીધા છે.પગાર આપવામાં વિલંબ થયો છે કારણ કે સરકારને ૯,૦૦૦ અરજીઓ અને તદર્થ કર્મચારીઓને નિયમિત કરવા પડયા હતાં તેમણે કહ્યું કે કેટલાક દિવસથી પ્રશાસનિક મુશ્કેલી હતી જે હંમેશા રહેતી નથી

એ યાદ રહે કે પંજાબની આમ આદમી પાર્ટીની સરકારે રાજયના દરેક ધરને ૩૦૦ યુનિટ વિજળી મફત આપવાની જાહેરાત કરી છે આ ઉપરાંત ગત વર્ષ ડિસેમ્બર સુધીના બાકીના વિજળીના બિલના નાણા માફ કર્યા છે તેનાથી સરકાર પર ૧.૨૯૮ કરોડ રૂપિયાની વ્યાજની ચુકવણી,પેશન માટે ૧૫.૧૪૫ કરોડ રૂપિયાના વળતરનો બોજ વધી ગયો છે આ ઉપરાંત બીજા ખર્ચા માટે સરકાર ઉપર ૨૦ કરોડ રૂપિયાની જરૂરત છે.

સરકારના આ રીતના નાંણાંકીય બોજને કારણે આ વખતે કર્મચારીઓના પગારમાં વિલંબ થયો છે સરકારનું કહેવુ છે કે આવું દરેક વખતે થશે નહીં અને પહેલાની જેમ સમયથી કર્મચારીઓને પગાર આપવામાં આવશે.

## ભ્રષ્ટ્રાચાર કોઇ પણ પણ કિંમત પર સહન કરવામાં આવશે નહીં : તેજસ્વી યાદવ

પટણા,તા.૧૧

નાયબ મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી તેજસ્વી યાદવે આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓને ચિકિત્સકોની સાથે બેઠક કરી સલાહ આપી છે કે ભ્રષ્ટ્રાચાર કોઇ પણ કીમત પર સહન કરવામાં આવશે નહીં આ સાથે જ તેમણે કહ્યું કે પ્રાઇમરી હેલ્થ સેંટરથી લઇ મેડિકલ કોલેજોમાં દવા અને સફાઇની સમસ્યા તાકિદે દુર થવી જોઇએ તેના માટે તેમણે અધિકારીઓને ૬૦ દિવસનો સમય આપ્યો છે.વિભાગ સંભાળ્યા બાદ આરોગ્ય વિભાગના અધિકારીઓની સાથે તેમની આ પહેલી બેઠક હતી. આ પહેલા મંગળવારની અડધી રાતે તેમણે પીએમસીએચ હોસ્પિટલની



અચાનક મુલાકાત કરી હતી અને ત્યાંથી સ્થિતિ જોઇને નારાજગી વ્યકત કરી હતી.આ બેઠકમાં બિહારની તમામ મેડિકલ કોલેજોના સુપરિટેંડેટ જીલ્લાના સિવિલ સર્જન અને ડીપીએમ સામેલ થયા હતાં જીલ્લાની સદર અને મોટી હોસ્પિટલોમાં ચોવીલ કલાક યોગ્ય સ્ટાફની સાથે હેલ્થ ડેસ્ક અને ફરિયાદ કક્ષ સ્થાપિત કરવા માટેનો તેમણે આદેશ આપ્યો હતો તેમાં દર્દીઓની ભરતી થવાથી લઇ એમ્બ્લ્યુલન્સ શબ વાહન રેફરલની સહજ અને સરળ સુવિધા પ્રદાન કરવાની સાથે સાથે મૃત્યુ પ્રમાણ પત્ર આપવાની પ્રક્રિયાને પણ સુગમ બનાવવાનો નિર્દેશ આપ્યો હતો.

તેજસ્વી યાદવે જીલ્લા હોસ્પિટલોને રેફરલ પોલીસીને એસઓપી ફોલો કરવા અને તમામ જરૂરી દવાઓની ઉપલબ્ધી અને મેડિકલ સાધનોને ચાલુ વ્યવસ્થામાં રાખવાનો પણ નિર્દેશ આપ્યો હતો જયાં માનવ સંસાધનની કમી છે તેને તાકિદે પુરવા અને ખાલી પદોને ભરવાની પ્રક્રિયામાં તેજી લાવવાનો પણ નિર્દેશ આપ્યો હતો.આરોગ્ય મંત્રીએ અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે આરોગ્ય વિભાગમાં કોઇ પણ પ્રકારની નાણાંકીય અનિયમિતતા લાંચખોરીને અમે સહન કરીશું નહીં અધિકારીઓના કામને સ્કોરના આધાર પર જ સેવાનું મૂલ્યાંકન થશે.

## તંત્રી સ્થાનેથી...

# શ્રદ્ધા સહ શ્રાદ્ધ

ભાદરવા માસના શ્રાદ્ધ પક્ષમાં ખાસ કરીને પિતૃઓને પ્રસન્ન કરવા માટેનો શ્રેષ્ઠ મહિનો આપણા શાસ્ત્રોમાં દર્શાવવામાં આવેલ છે. તા. ૧૦ સપ્ટે. ૨૦૨૨ને શનિવારથી શ્રાદ્ધપક્ષ શરૃ થયા છે, મનુષ્ય જન્મે ત્યાર બાદ તેના પર ત્રણ ઋણ હોય છે. અર્પણ, તર્પણ અને સમર્પણ આ ત્રણ ઋણ અદા કરવાના માધ્યમ છે, એક મનુષ્ય ઋણ જેને અર્પણ કરવાથી અદા થાય છે. બીજુ પિત્ ઋણ જેને તર્પણ કરવાથી અદા થાય છે. અને ત્રીજું દેવઋણ જેને સમર્પણ કરવાથી અદા થાય છે. પિતૃઋણ અદા કરવાનો આ શ્રેષ્ઠ અવસર એટ્લે ૧૬ દિવસના શ્રાદ્ધપક્ષ. આ ૧૬ દીવસ પિતૃને પ્રસન્ન કરવાનો શ્રેષ્ઠ સમય છે, તર્પણ એટલે પ્રસન્ન કરવા. પિતૃઓના માટે જ્યારે તર્પણ કરવામાં આવે છે ત્યારે તર્પણ કરવાથી પિતૃ તે અંજલિના પ્રભાવથી સંતુષ્ટિ મેળવે છે અને તેના થકી પિતૃઓના આશિર્વાદથી જીવનમાં મંગલ થવા લાગે છે. જ્યાં પિતૃની રહેમ નજર હોય ત્યા સંતાન, ઘર, સ્ત્રી, સુખ, વ્યાપાર, દરેકનું ઉત્તમ સુખ જોવા મળે છે. આયુઃ પુત્રાન યશઃ સ્વર્ગ કીર્તિ પૃષ્ટિ બલમ શ્રિયમ પશૂન સાંખ્યમ ધનં-ધાન્યમ પ્રાપ્નુયાત પિતૃ પૂજનાત્ અર્થાત્ :- પિતૃઓનું પિંડદાન કરવાવાળો ગૃહસ્થ દીર્ઘાયુ, પુત્રપૌત્રાદિવાળો, યશ, બળ, ધન, ધાન્ય અને સમગ્ર સુખ પ્રાપ્ત કરનારો બને છે.શ્રાદ્ધપક્ષ પિતૃ કૃપા મેળવવાનો દિવ્ય અવસર છે જે દરેક માનવીની ફરજ છે જેને અદા કરવી જ જોઈએ. જ્યોતિષની દ્રષ્ટિ એ સંપૂર્ણ બ્રહ્માંડ બાર રાશિઓમાં વહેચાયેલ છે. જેમાં મેષ રાશી પ્રવેશ દ્વાર અને મીન રાશી મોક્ષ દ્વાર કહેવાય છે. મીન રાશી બ્રહ્મલોક/દેવલોક સાથે સંબંધિત રાશી છે અને કન્યા રાશી પિતૃલોક સાથે સંબંધિત છે. ભાદરવા માસમાં સૂર્ય કન્યા રાશીમાં પ્રવેશ કરી લે છે એટલે એમ કહી શકાય કે સૂર્યનું પિતૃલોકમાં ભ્રમણ શરુ થાય છે જેથી કરી પિતૃલોક જાગૃત થતો હોય છે, અને સૂર્યમાંથી નીકળતા શ્રદ્ધા નામના કિરણોની સાથે વાયુરૂપ આત્માઓ પિતૃલોકમાંથી નીચે ધરતી ઉપર ભ્રમણ કરતા હોય છે. આમ, ભાદરવા સુદ પૂર્ણિમાથી ચંદ્ર જેમ સૂર્ય તરફ આગળ વધે છે તેમ તેમ ચંદ્રના દરેક અંશ ઉપર રહેતા જુદા જુદા જીવાત્મા પોતાની તિથિ પ્રમાણે આપોઆપ ધરતી ઉપર પોતાના જે તે સ્થળે વિચરણ કરતા હોય છે અને આમ, સોળ દિવસના સોળ શ્રાદ્ધ તિથી પ્રમાણે વહેંચાયેલા છે. જયારે સૂર્ય બરાબર બપોરના સમયે માથા ઉપર આવે ત્યારે આ માર્ગ ખુલતા હોય છે અને માટે જ શ્રાદ્ધ કર્મ પણ બપોરે જ થતું હોય છે. શ્રાદ્ધ દરમિયાન ખીર અને દૂધપાક કે દૂધ પૌવાનું મહત્વ વધુ હોય છે કારણ કે આ દરેક વસ્તુ ઉપર ચંદ્રનું અધિપત્ય રહેલું છે. શાસ્ત્રાનુસાર ૧૬ શ્રાદ્ધ દરમિયાન પિતૃઓ તેમની જે તે તિથી પ્રમાણે પોતાના ઘરના દરવાજે ગોઠવાઈ જતા હોય છે અને તે દિવસે જો તેઓનું શ્રાદ્ધ કર્મ ન થયું હોય તો તેઓ નિરાશ થઈને શ્રાપ આપીને પાછા ફરી જાય છે અને તેથી ઘરની સુખ શાંતિ છીનવાઈ જતી જોવા મળે છે.

# વડાપ્રધાન મોદીએ બ્રિટનના વડાપ્રધાનને ફોન કરી રાણીના નિધન પર શોક વ્યક્ત કર્યો





નવીદિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રિટનના નવનિયુક્ત વડા પ્રધાન લિઝ ટ્રસ સાથે ફોન પર વાત કરી હતી અને રાણી એલિઝાબેથ દ્વિતીયના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. એક સરકારી અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતના લોકો વતી વડાપ્રધાન મોદીએ રાણી એલિઝાબેથ દ્વિતીયના દુઃખદ અવસાન પર શાહી પરિવાર અને બ્રિટનના લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. પીએમ મોદીએ પણ લિઝ ટ્રસને યુકેના વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વેપાર સચિવ અને વિદેશ સચિવ તરીકેની તેમની અગાઉની ભૂમિકાઓમાં ભારત-યુકે દ્વિપક્ષીય સંબંધોમાં લિઝ ટ્રસના યોગદાનની પણ પ્રશંસા કરી હતી. બંને નેતાઓએ ભારત અને યુકે વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા અંગે વાત કરી હતી. બંને નેતાઓએ રોડમેપ ૨૦૩૦ના અમલીકરણમાં પ્રગતિ, FTA વાટાઘાટો, સંરક્ષણ અને સુરક્ષા સહયોગ અને બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય હિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

બાલમોરલ કેસલમાં રાણીનું અવસાન થયું નોંધપાત્ર રીતે, બ્રિટનની રાણી એલિઝાબેથ-૨નું ગુરુવારે સ્કોટલેન્ડના બાલમોરલ કેસલમાં નિધન થયું હતું. રાણી એલિઝાબેથ-૨ એ ૯૬ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. તેમના અંતિમ સંસ્કાર ૧૯ સપ્ટેમ્બરે કરવામાં આવશે. આ દરમિયાન બ્રિટનમાં રાષ્ટ્રીય શોક ચાલુ રહેશે. રાણી એલિઝાબેથના અવસાન બાદ તેમના મોટા પુત્ર ચાર્લ્સ ત્રીજાને આજે બ્રિટનના નવા રાજા જાહેર કરવામાં આવ્યા છે.

પીએમ મોદીએ શોક વ્યક્ત કર્યો ગુરુવારે પણ પીએમ મોદીએ ટ્વિટ કરીને રાણીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને તેમના પ્રેરણાદાયી નેતૃત્વની પ્રશંસા કરી હતી.

આવ્યા<br>
તવામાં હાથ માર્યા,<br>
હાથમાં બાચકા આવ્યા.<br>
દવામાં હાથ માર્યા ,<br>
હાથમાં બાચકા આવ્યા.<br>
ધરામાં હાથ માર્યા,<br>
હાથમાં આંચકા આવ્યા.<br>
ગગનમાં હાથ માર્યા,<br>
હાથમાં ઝાટકા આવ્યા.<br>
પ્રેમમાં હાથ માર્યા,<br>
હાથમાં પાંચિકા આવ્યા.<br>
દીવામાં હાથ માર્યા,<br>
હાથમાં આશ્કા આવ્યા.<br>
ભરત વૈષ્ણવ<br>
૧૦.૯.૨૦૨૧.# કવિતા

# માનવ જીવનમાં તમામ સમસ્યાઓનું કારણ મન છે.ભાગ-૨



અભ્યાસના બે પ્રકાર છે:(૧) પોતાનું જે લક્ષ્ય કે ધ્યેય છે તેમાં મનોવૃત્તિ લગાડવી અને બીજી વૃત્તિ આવી જાય એટલે કે બીજું ચિન્તન આવી જાય તેની ઉપેક્ષા કરી દેવી,તેનાથી ઉદાસીન થઇ જવું.(૨) જ્યાં જ્યાં મન ચાલ્યું જાય ત્યાં ત્યાં પોતાના લક્ષ્ય પરમાત્માને જ જોવા,અભ્યાસની અંદર સ્વાધ્યાય ધ્યાન સેવા સુમિરણ સત્સંગ વગેરે સાધન આવે છે.ધાર્મિક સદગ્રંન્થોનું અધ્યયન કરવું તથા ચિંતન મનન કરવાનો અભ્યાસ કરવો.ત્યારબાદ તે અનુસાર ધ્યાન કરવાનો તથા નામ સુમિરણ કરવાનો અભ્યાસ કરવો.મનની પ્રવૃત્તિ વિષયોન્મુખ હોય છે તેથી મનને વિષયોમાંથી હટાવીને ઈશ્વરોન્મુખ કરવું.મનને પરમાત્મામાં લગાડવું એ અભ્યાસ છે.

ઉપરોક્ત બે સાધનો સિવાય મન લગાડવાના બીજા કેટલાક ઉપાય છે જેવા કે..પરમાત્મા તત્વને જાણીને તેમની સાથે સબંધ જોડીને નામનું સુમિરણ કરવું..જ્યારે ધ્યાન કરવા બેસીએ ત્યારે સૌથી પહેલાં બે ચાર શ્વાસ બહાર કાઢીને એવી ભાવના કરવી કે મેં મનથી સંસારને સર્વથા કાઢી નાખ્યો છે,હવે મારૂં મન સંસારનું નહી પરંતુ પરમાત્માનું જ ચિંતન કરશે અને ચિંતનમાં જે કંઇપણ આવશે તે પરમાત્માનું જ સ્વરૂપ હશે..વૈરાગ્યનો અર્થ છે:સાંસારીક વિષયોના પ્રત્યે દોષદ્દ?ટ્રિ અપનાવીને તેમના પ્રત્યે અનાસક્તિ અને ઉદાસીનતાનો ભાવ પેદા કરવો.વિષયોમાં દોષદર્શન અને વિષયાસક્તિના કુ-પરીણામના ચિંતનથી વિષયોન્મુખ મન વિષયોના પ્રત્યે વિરક્ત થઇ જાય છે.આ પ્રસંગમાં રાજર્ષિ ભતૃહરી લેખિત શ્લોક ઘણો જ ઉપયોગી છે.

“ભોગમાં રોગ થવાનો ભય,કુલાભિમાનથી પતનનો ભય, ધનથી રાજાનો ભય,મૌનમાં દીનતાનો ભય,બળવાન હોવામાં શત્રુનો ભય,સુંદરતામાં વૃદ્ધાવસ્થાનો ભય,શાસ્ત્રજ્ઞ હોવામાં વાદ-વિવાદ (વિરોધ)નો ભય,ગુણવાન હોવામાં દુ?ટોનો ભય અને શરીરમાં મૃત્યુનો ભય બનેલો રહે છે.ફક્ત વૈરાગ્યમાં જ અભય(ભયમુક્ત) નો ભાવ છે.”(વૈરાગ્ય શતકઃ૩૫)

અભ્યાસની સહાય માટે “વૈરાગ્યની જરૂર છે કારણ કે સંસારના ભોગોથી જેટલો રાગ દૂર થશે તેટલું જ મન પરમાત્મામાં લાગશે.વૈરાગ્ય લાવવાના કેટલાક ઉપાય છે..સંસાર પ્રતિક્ષણ બદલાય છે અને પોતાનું સ્વરૂપ ક્યારેય અને કોઇપણ ક્ષણે બદલાતું નથી,આથી સંસાર આપણી સાથે નથી અને આપણે સંસારની સાથે નથી..આવો વિચાર કરવાથી સંસારથી વેરાગ્ય થાય છે..પોતાના કહેવાવાળા જેટલા કુટુંબીજનો અને સબંધીઓ છે તેઓ આપણી પાસે અનુકૂળતાની ઈચ્છા રાખતા હોય છે તેથી આપણી શક્તિ સામર્થ્ય યોગ્યતા અને સમજ અનુસાર તેમની ન્યાયયુક્ત ઈચ્છા પુરી કરી દેવી અને પરીશ્રમ કરીને તેમની સેવા કરવી પરંતુ તેમની પાસેથી પોતાની અનુકૂળતાની તથા કંઇ લેવાની ઈચ્છાનો ત્યાગ કરવો..આમ કરવાથી સ્વાભાવિક જ વૈરાગ્ય આવી જાય છે.

વિષયો અને ઈન્દ્રિયોના સંયોગથી જે સુખની અનુભૂતિ થાય છે તે ક્ષણિક અને પરીણામમાં વિષ બરાબર છે આ સત્યને હ્રદયમાં ઉતારી લેવાથી મનમાં વિષયોના પ્રત્યે વૈરાગ્યનો ભાવ આવી જાય છે.

શ્રીમદ ભગવદ ગીતામાં વર્ણવેલ ઉપરોક્ત બે ઉપાયો (અભ્યાસ અને વૈરાગ્ય) માં પ્રથમ બતાવેલ અભ્યાસ એ ભક્તપરક છે અને વૈરાગ્ય જ્ઞાનપરક છે.મનને વિષયોમાંથી હટાવીને ઈશ્વરોન્મુખ બનાવવું ભક્તિથી જ સંભવ બને છે.તેના માટે ઈશ્વરની શરણાગતિ અપેક્ષિત છે.વિષયોમાં દોષદર્શન જ્ઞાનમાર્ગની સાધનાથી સંભવ બને છે.જ્ઞાની અસતનો ત્યાગ કરીને સતને ગ્રહણ કરે છે.સંસાર અને તેના તમામ પદાર્થો અસત અને અનિત્ય છે એવું માનીને જ્ઞાની પોતાના મનને વિષયોન્મુખ થવા દેતા નથી.

ભારતીય દર્શનોમાં એક યોગદર્શન છે.તેના પ્રણેતા “મહર્ષિ પાતંજલી છે.આ દર્શનમાં યમ નિયમ આસન પ્રાણાયામ પ્રત્યાહાર ધારણા ધ્યાન અને સમાધિ..વગેરેના અભ્યાસ દ્વારા મન અને ઈન્દ્રિયોને નિયંત્રિત કરીને સમાધિની સ્થિતિ પ્રાપ્?ત કરવાનું કહેવામાં આવ્યું છે.

પાતંજલી યોગદર્શનનું બીજું સૂત્ર છે:યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ એટલે કેઃ ચિત્ત(મન)ની વૃત્તિઓનો નિરોધ એ જ યોગ છે.ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવાનો અર્થ છે મનની ચંચળતાને રોકવી.આ નિરોધ કેવી રીતે થાય? આ સબંધમાં મહર્ષિ પાતંજલીએ પણ બે સાધનોનો ઉલ્લેખ કર્યો છે કે જે શ્રીમદ ભગવદ ગીતામાં પણ કહેવામાં આવ્યો છે.

યોગદર્શનનું બારમું સૂત્ર છે:અભ્યાસવૈરાગ્યાભ્યાં તન્નિરોધઃ પરંતુ જો આ બે ઉપાયો કરવા છતાં સફળતા ના મળે એટલે કે મનની ચંચળતા દૂર ના થાય તો શું કરવું? આનું સમાધાન કરતાં મહર્ષિ પાતંજલીએ આગળના સૂત્રમાં લખ્યું છે કે..ઈશ્વરપ્રણિધાનાદ્વા..(સમાધિપાદઃસૂત્ર-૨૩)

ઈશ્વર પ્રણિધાનનો અર્થ છે ઈશ્વરની શરણાગતિ.ઈશ્વરની શરણાગતિ સ્વીકારી તેમના નામ રૂપ ગુણ અને લીલાનું શ્રવણ કિર્તન અને ચિંતન મનન કરવું તથા તમામ કર્મો ભગવાનને સમર્પિત કરી દેવાં.ઈશ્વર સર્વ સમર્થ છે તે પોતાના શરણાગત ભક્ત ઉપર પ્રસન્ન થઈને તેમના ભાવ અનુસાર તમામ સુખો પ્રદાન કરે છે.ઈશ્વરમાં મન લગાડવાથી ચંચળતા આપોઆપ સમાપ્?ત થઇ જાય છે.આના માટે ભગવત્કૃપાનું અવલંબન લેવું પડે છે કારણ કે વ્યક્તિની બુદ્ધિ શક્તિ પ્રયત્ન અને પુરૂષાર્થ સિમિત છે.સિમિત સાધનોથી અસિમિતને કેવી રીતે મેળવી શકાય !! એટલે પુરૂષાર્થની સાથે સાથે ભગવાનની કૃપાનો આશ્રય ગ્રહણ કરવો આવશ્યક છે.ભગવાનના શરણાગત થઈને પ્રભુને પ્રાર્થના કરવી જોઇએ.

જેવી રીતે ઢીમર(માછીમાર) માછલીઓને પકડવા માટે નદીમાં જાળ નાખે છે તો જાળની અંદર આવવાવાળી તમામ માછલીઓ પકડાઇ જાય છે પરંતુ જે માછલી જાળ નાખવાવાળા માછીમારના ચરણોની પાસે આવી જાય છે તે પકડાતી નથી તેવી જ રીતે ભગવાનની માયા(સંસાર)માં મમતા કરીને જીવો ફસાઇ જાય છે અને જન્?મ-મરણના ચક્કરમાં ફરતા રહે છે પરંતુ જે જીવો માયાપતિ પરમાત્?માને જાણીને, માનીને તેમના શરણમાં આવી જાય છે તેઓ માયાને તરી જાય છે.

ગોસ્વામી તુલસીદાસજી મહારાજ વિનય પત્રિકામાં મનની ચંચળતા વિશે લખતાં કહે છે કે.. મેરો મન હરિજુ હઠ ન તજે,નિસદિન નાથ દેઉં શિખ બહું બિધિ કરત સુભાઉં નિજૈ. હે હરી ! મારૂં મન હઠ છોડતું નથી. હે નાથ ! હું દિવસ રાત તેને અનેક પ્રકારથી સમજાવું છું પરંતુ મન પોતાના સ્વભાવ અનુસાર જ કરે છે.હું અનેક પ્રકારના ઉપાયો કરી કરીને થાકી ગયો છું પરંતુ આ મન અત્યંત બળવાન અને અજય છે. તુલસીદાસજી કહે છે કે મારૂં મન ત્યારે જ વશમાં આવશે કે જ્યારે પ્રેરણા કરનાર પરમાત્મા પોતે જ તેને રોકે..

વિનોદભાઇ માછી નિરંકારી<br>
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# કહેવાતા ’સાધુઓ’ ના બયાનો નો વિવાદ : દોષીત કોણ ?

તાજેતર માં સોશિયલ મિડીયા પર ભગવા વસ્ત્રો પહેરેલા કેટલાક વ્યક્તિઓ ના હિન્દુ ધર્મ ના સર્વોચ્ચ આરાધ્ય દેવતાઓ વિશે અત્યંત આપત્તિજનક બયાનો ના વિડીયો વાઈરલ થઈ રહ્યા છે. હું કોઇ સંપ્રદાય સાથે કોઇ રીતે જોડાયેલો ન હોવાથી કહી શકું તેમ નથી કે ભગવા વસ્ત્રો પહેરેલા આ મુર્ખાઓ ક્યા સંપ્રદાય સાથે જોડાયેલા છે. પરંતુ મિડીયા/ સોશિયલ મિડીયા ની માહિતી સાચી માનીએ તો આ લોકો સ્વામીનારાયણ સંપ્રદાય સાથે જોડાયેલ હોવાનું કહેવાય છે. આવા ત્રણેક વિડીયો જોતા એવું ફલિત થાય છે કે આ લોકો આયોજનબદ્ધ રીતે એવો પ્રચાર-પ્રસાર કરવા લાગ્યા છે કે તેમના સંપ્રદાય ના ‘સાધુ-સંતો‘ તો ઠીક પણ તેમના ચેલાઓ પણ ભગવાન શ્રી બ્રમ્હા, વિષ્ણુ અને મહેશ કરતાં ઉપર છે.

દેવાધિદેવ મહાદેવ તેમના ચેલાઓ નો ચરણસ્પર્શ કરે, બ્રમ્હાજી આ સંપ્રદાય ના સ્વામી ના મુત્ર માં તણાય- આવો વાણીવિલાસ અક્ષમ્ય છે.કોઈ એકાદ જગ્યાએ એકાદ વ્યક્તિ થી એકાદ શબ્દ ભુલ થી નીકળી જાય અને માફી માંગવા માં આવે તો તે સમજી શકાય પરંતુ આવા અનેક બયાનો આવે, ખુબ વ્યવસ્થિત રીતે ઉપજાવી કાઢેલા એવા બનાવ નું વર્ણન કરવા માં આવે તો સામાન્ય બુદ્ધિ ધરાવતો કોઈ પણ વ્યકિત સમજી શકે કે આ હિન્દુ ધર્મ અને હિન્દુ ધર્મ ના દેવી-દેવતાઓ ને તેમના પોતાના સંપ્રદાય કરતાં નીચા દેખાડવાના હીણપત ભર્યા, મુર્ખામી ભર્યા અને ધૃણાસ્પદ પ્રયાસો છે. અહીં યક્ષ પ્રશ્ન એ છે કે આ માટે જવાબદાર કોણ ?

આ પરિસ્થિતિ ઉભી થઈ એના માટે દોષિત કોણ ??

શા માટે આ લોકો ની હિંમત આટલી બધી વધી ગઈ ???

મારી દ્રષ્ટિએ આ માટે હિન્દુઓ જ જવાબદાર છે.

ગુજરાત માં પ્રચલિત એવા આ કથિત ‘ધાર્મિક સંપ્રદાય‘ માં ધાર્મિક જગ્યાઓ, ગાદી વારસો, સંપતિ વગેરે ના કબજા માટે કોર્ટ કેસો થી લઈ ને શારિરીક મારામારી સુધી ના બનાવો બને છે. આ સંપ્રદાય ના ‘સાધુ‘ બની બેઠેલા લોકો ની લંપટલીલા વિશે ના સમાચારો પણ અવારનવાર જોવા મળે છે. આવા લોકો ને ‘સાધુ‘ કે ‘સંત‘ કહેવા કે આવા સંપ્રદાય ને ધાર્મિક સંપ્રદાય કહેવો એ મુર્ખાઈ છે અને સાચા સાધુ, સંતો અને ધર્મ નું અપમાન છે.આવા બનાવો છાશવારે બનતા હોય અને સમાચાર માધ્યમો માં પણ આવતા હોવા છતાં શા માટે હિન્દુઓ નો એક મોટો વર્ગ આવા સંપ્રદાય સાથે જોડાયેલો રહે છે ??? એ સમજ થી પરે છે.

સમાજ નો એક ‘ઉચ્ચ‘ વર્ગ, રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ આવા સંપ્રદાયો સાથે જોડાયેલો રહે તેમાં તેમનો વ્યક્તિગત સ્વાર્થ હોય શકે, પરંતુ સામાન્ય હિન્દુઓ માટે ભક્તિ કરવા નો માર્ગ આ એક જ છે ?

હિન્દુઓ એ સમજવાની જરૂર છે કે ભક્તિ કરવા માટે કોઇ સંપ્રદાય માં જોડાવું જરૂરી નથી હોતું. એમાં ય આવા નાલાયક લોકો ના પગ માં પગ માં પડવા ની તો બિલકુલ જરૂર નથી હોતી. દાન કરવા માટે પણ તમે તમારી આસપાસ નજર કરશો તો મહેનત કરી ને ઈમાનદાર જીવન જીવતા હોય પરંતુ જરૂરિયાતમંદ હોય તેવા સુપાત્રો મળી જ આવશે. સંપ્રદાયો ના ટ્રસ્ટો ને દાન કરતી વખતે તમે ખરેખર આ નાલાયક વ્યક્તિઓ નું વિલાસી જીવન સ્પોન્સર કરી રહ્યા હોવ છો. દરેક સંપ્રદાય ના મુળ સ્થાપક વ્યક્તિ મન, વચન અને કર્મ થી ખરેખર સંત હોય શકે. સંસ્થા કે સંપ્રદાય સ્થાપવાનો તેમનો હેતુ ઉમદા હોય શકે પરંતુ પૈસા, સંપત્તિ અને વગર મહેનતે વિલાસી જીવન જીવવાનો મોકો દેખાય એટલે ખાંડ ને જોઇ જેમ કીડીઓ ટોળે વળે તેમ લેભાગુઓ ભગવા વસ્ત્ર પહેરી આવી સંસ્થાઓ માં સામેલ થઈ જાય છે. જે સરવાળે ધર્મ , સાધુ-સંતો અને ભગવા વસ્ત્રો ને બદનામ કરે છે. આવા લોકો સનાતન ધર્મ ના સૌથી મોટા દુશ્મન છે એ વાસ્તવિકતા દરેક હિન્દુએ સમજવી રહી. કોઇ પણ પેટા સંપ્રદાય ગમે તેટલો જેન્યુઅન હોય તો પણ સરવાળે હિન્દુઓ માં ભાગલા અને ફાંટા પાડવામાં નિમિત્ત બને છે અને હિન્દુઓ ની એકતા ને એક યા બીજા સ્વરૂપે નુકસાન જ કરે છે.

સમાજ ની સેવા જ કરવી હોય તો સામાજિક સંસ્થાઓ, સામાજિક ટ્રસ્ટો રચાવા જોઈએ, નહીં કે ધાર્મિક સંપ્રદાયો. હિન્દુ ધર્મ માં પુરતા પ્રમાણ માં ધાર્મિક પુરાણો, ધાર્મિક દર્શન, પુજા-વિધીઓ, અને દેવી-દેવતાઓ છે જ. હવે સમાજને કોઇ નવા સંપ્રદાય ની જરૂર નથી.માટે સમય ની તાતી જરૂરિયાત એ છે કે દરેક હિન્દુ આ વિશે આત્મમંથન કરે અને યોગ્ય આચરણ કરે. અન્ય હિન્દુઓ ને તથા પોતાના બાળકો ને પણ આ વિશે જાગૃત કરે.

અસ્તુ.

# સંકટ સમયે સહાયરૂપ ન થાય તેવું જ્યોતિષનું જ્ઞાન શું કામનું?

“ગિરધરભાઇ, ગજબ થઇ ગયો!” રાજુએ આશ્ચર્યની ઓવર માત્રામાં કહ્યું.

“ શું થયું ?? એ તો કહે.” મેં કહ્યું રાજુને વાતમાં મોણ નાંખવાની ટેવ છે. ગઢવી કે બારોટની જેલ લડાવી લડાવીને વાત કરે.

“ અરે, જબરી ગેમ થઇ ગઇ!!” રાજુ નો સીધી વાત .બાકી બાત બકવાસમાં સંપૂર્ણ વિશ્વાસ રાખે છે.

“ રાજુ. પ્રિન્સ ચાલર્સનો એક પગ કબરમાં છે, હવે ઈંગિલેન્ડના રાજા થઇને શું લાટા લેશે?” મેં આંતરરાષ્ટ્રીય પ્રવાહમાં ચાંચ બોળી.

“હુ એની વાત કરતો નથી!” રાજુએ પતંગના પેચની જેમ મારી વાત કાપી.

“ નામકરણ મંત્રાલય દ્વારા રાજ પથનું નામ કર્તવ્ય પથ કર્યું ,એ સારું કર્યું. આ માર્ગ પર ઠોકર ખાનારને તેના કર્તવ્યની યાદ આવશે. કેલોનિયલ નામ બદલ્યા સિવાય આઝાદી મળી ન કહેવાય!!” મે સાંપ્રત પ્રવાહ વિષે મારું જ્ઞાન કાદવની જેમ ડખોળ્યું.

“ વિલ યુ શટ અપ ? કીપ કવાયેટ પ્લીઝ!!” રાજુ મારાથી અકળાય એટલે આંગ્લ ભાષાને આલિંગન આપે છે!!?

ઓકે બાબા .બાબા ઓકે. હવે તારી વાત કહે!!” મેં મારી હાર માની શરણાગતિ સ્વીકારી.

“ ગિરધરભાઇ. હું પહેલેથી કહું છું કે જ્યોતિષ હબંગ છે, દબંગ નથી. લોકો પાસેથી પૈસા પડાવવાના ધંધા છે!!” રાજુએ જ્યોતિષ તરફ બંદૂકનું નાળચું બદલ્યું. નક્કી આગાહીમાં કાળું હશે. કોઇ ફૂટપાથિયા જ્યોતિષે પોપટ પાસે ચિઠી ઉપડાવી રાજુના લગ્નની આગાહી કરી હશે . એ ખોટી પડી હશે. એટલે જ્યોતિષોને લસોટતા હશે.

“ શું થયું રાજુ? કેટલા ગુમાવ્યા?શેમાં ભરાયો?”રાજુને મેં સહાનુભૂતિથી પૂછયું.

“ અરે મારા રૂપિયા ડૂબ્યા નથી!!” રાજુએ સ્પષ્ટતા કરી.

“હાશ. મને એમ કે તારું કોઇએ કરી નાંખ્યું . ચલ શું થયું એ કહે”મેં કહ્યું

“ આ જ્યોતિષો નહ ગ્રહ પોતાના ખિસ્સામાં હોય તેવો ફાંકો રાખતા હોય છે. ગ્રહોની માર્ગી અને વક્રી ચાલ બદલવાનો દાવો કરતા હોય,સાડા સાતીના નિવારણ, રાહુની મહાદશા, ક્યારે કામ કયું કામ કરવું, વશીકરણ વગેરેની ગુલબાંગ ઠોકતા હોય છે!” રાજુએ જ્યોતિષ વિરુદ્ધ વિષવમન કર્યું.


રાજુ.મૂળ વાત પર આવીશ??” પ્રાઇમ ટાઇમ પર ચેનલમાં ડિબેચ કરવા આવતા પેનલીસ્ટ આડી અવળી વાત કરે તેમ રાજુ વિષયાંતર કરવામાં માહિર છે.

“ ગિરઘરભાઇ. હું એવા જ્યોતિષીને ઓળખું છું , જે ગૂંચવાયેલા લગ્નની ગૂંચો ઉકેલે છે અને તેના છૂટાછેડાના કેસ કોર્ટમાં તારીખ પે તારીખમાં ઝૂલાની જેમ ઝૂલે છે.

લગ્ન માટે યુવક અને યુવતીના ગુણ ૩૬ હોવા જોઇએ તેમ કહે છે. અમારા મિત્ર અને ભાભીના ચાર જ ગુણ મળે છે. તેમનું દામ્પત્ય ચીનની દિવાલ જેટલું મજબુત છે.” રાજુએ દાખલા પુરાવા સાથે દલીલ કરી.

“ રાજુ. ધીસ ઇઝ લાસ્ટ વોર્નિંગ. કમ ટુ ધી પોઇન્ટ!!” મેં રાજુને ધમકાવ્યો.

“ ગિરધરભાઇ. અમદાવાદના નવરંગપુરામાં મીઠાખળી અંડર પાસમાંથી બહાર નીકળતા જ્યોતિષની કારમાંથી બે બાઈક પર આવેલા ત્રણ શખ્સો રૂ.૫ લાખની મત્તા ભરેલી બેગની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આશ્રમરોડ પર ચિનુભાઇ ટાવર ખાતે આવેલી આંગડીયા પેઢીમાંથી સાંજના ચાર વાગ્યે રૂ.૪,૯૯,૫૦૦ની રોકડ રકમ ભરેલી કાપડની બેગ કારમાં મુકીને ઘરે જવા નીકળ્યા હતા. તે સમયે મીઠાખળી અંડર પાસની બહાર નીકળતા એક હેલ્મેટ પહેરેલા બાઈક ચાલકે ઈશારાથી ગાડી રોકવા જણાવ્યું હતું. ફરિયાદીએ ગાડી રોકતા ડાબી સાઈડે ઉભેલા બાઈક ચાલકને કાર ઉતારીને કારની જમણી તરફ આવવા કહ્યું હતું. ફરિયાદી બાઈક ચાલક સાથે વાત કરતા હતા, તે સમયે ત્યાં અન્ય બાઈક પર આવેલા બે શખ્સો ફરિયાદીની ડાબી સાઈડની સીટ પાસે મુકેલી રૂ.પાંચ લાખ ભરેલી બેગ લઈને ફરાર થઈ ગયા હતા. તે સમયે કાર રોકીને વાતચીત કરતો બાઈકચાલક પણ ત્યાંથી નીકળી ગયો હતો શું જ્યોતિષીને તેમના જ્ઞાનથી પોતાની સાથે ચોરી થવાની એ ઘટનાની ખબર નહીં હોય? તેને નિવારવાના ઉપાય તરીકે પાલડીમાથી ન નીકળી શકયો હોત?આંગડિયામાંથી બીજા દિવસે શુભ ચોઘડિયાંમાં પૈસા ઉપાડી ન શકયો હોત? ચંદીપાઠ કે રૂદ્રી કે સંકટ નિવારવા ગાયત્રીમંત્રના જાપ કરી શકયો ન હોત ??”



રાજુએ તાર્કિક દલીલ કરી . “આઇ એમ ફૂલી ઇમ્પ્રેસ્ડ!!!

સંકટ સમયે સહાયરૂપ ન થાય તેવું જ્યોતિષનું જ્ઞાન શું કામનું?? જ્યોતિષ સંકટ સમયની સાંકળ કહેવાય છે. રેલવેમાં આવી સાંકળ કે ચેન હોય છે. જેને ખેંચવાથી ટ્રેન તુરંત જ અટકી જાય. જો કે કારણ વાજબી ન હોય તો હજાર રૂપિયાના દંડનો ચાંદલો લાગી જાય છે.

જ્યોતિષ સંકટ સમયની સાંકળ હોય તો જ્યોતિષી તેના પર આવેલ આફતનું નિવારણ કરી ન શકે તો એ ખોખામાં પૂળો મુકવો જોઈએ” આમ કહી મારી ગાડી પ્લેટફોર્મ પરથી ચાલુ થઈ!!!

ભરત વૈષ્ણવ<br>
૧૦.૯.૨૦૨૨.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No/0044
વિષય:- પૂર્ણિહુતિ
પ્રકાર:- પદ્ય
શીર્ષક:- લાડલીના લગ્ન
શબ્દો:- ૨૧૨
સાહિત્ય સરિતા માટે
શબ્દ:- પૂર્ણાહુતિ
શીર્ષક:- લાડલીનાં લગ્ન

રૂડાં ઢોલક વાગે , રૂડી શરણાઈ વાગે કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

રૂડો માણેકસ્તંભ રોપાય, રૂડો મંડપ બંધાય કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

રૂડાં ગણેશ સ્થાપન થાય, રૂડું સેવમૂહર્ત થાય કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

રૂડું મીંઢળ બંધાય,રૂડી પોંસ ભરાય કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

રૂડાં મોસાળિયા આવે રૂડું મોસાળું લાવે કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

રૂડી શાંતેક થાય, રૂડું નાળિયેર હોમાય કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

રૂડું નાળિયેર હોમાય, વિધીની પૂર્ણાહુતિ થાય કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

વ્હાલા દાદા દાદી આવે પ્રેમે આશિષ આપે કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

વ્હાલા નાના નાની આવે પ્રેમે આશિષ આપે કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

વ્હાલા કાકા કાકી આવે રૂડાં કુટુંબ જમાડે કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

વ્હાલા મામા મામી આવે રૂડું પાનેતર લાવે કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

વ્હાલા ફોઈ ફુવાજી આવે રૂડો વાનો રે લેય કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

વ્હાલા માસી માસાજી આવે પ્રેમે આશિષ આપે કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

વ્હાલા બેન બનેવી આવે રૂડાં ગીતો ગવડાવે કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

જાણીતું મૈત્રી મંડળ આવે ગીતોની રમઝટ બોલાવે કે આજ મારી લાડલીનાં લગ્ન લેવાય.

લાડલીની વિદાય થાય માવતરની આંખડી રૂવે કે મારી લાડલીનાં લગ્ન થયાં

શ્ર વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

NOG SS નંબર-૦૦૪૨
પ્રકાર-ગદ્ય (વાર્તા)
વિષય -પૂર્ણાહુતિ
શીર્ષક -પૂર્વગ્રહની પૂર્ણાહુતિ
શબ્દ -૨૮૦

'સ્નેહા,બેગ ભરી લે અને ચાલ મારી સાથે.× અભયે ગુસ્સા સાથે સાગર સામે જોઈને કહ્યું.

'અભયભાઈ,શું થયું!આમ અચાનક સ્નેહાને તમારી સાથે લઈ જવાની વાત કેમ કરો છો?

કાલે,પ્રસંગ પૂરો થયે. તમારા પરિવારજનોના ગયા પછી તમે જે રીતે સ્નેહા સાથે વાત કરી રહ્યા હતા તે મેં સાંભળી. વર્ષમાં બે-પાંચ વાર આવતા તમારા પરિવારજનોએ સ્નેહા વિરુદ્ધ તમારા કાનમાં ઝેર રેડ્યું છે. તમારા મનમાં સ્નેહા પ્રત્યે પૂર્વગ્રહ બંધાઈ ગયો છે કે સ્નેહાને તમારા પરિવારજનો ગમતા નથી. તમારા પરિવારજનો તમારા સારા, માઠા પ્રસંગમાં હાજરી આપવાના બદલે જાણે મારી બહેનને જજ કરવા આવતાં હોય એવું મને લાગે છે. પરણીને સાસરે જતી દરેક સ્ત્રીને પતિના પરિવારમાં માન-સન્માન મળે તેવી અપેક્ષા જરૂર હોય છે પણ જ્યાં પતિ જ માન-સન્માન ન આપી શકે. જ્યાં પતિ,પત્નીની સચ્ચાઈ માટે પરિવારજનો સામે સ્ટેન્ડ ન લઈ શકે એ દુનિયા સામે ખાક લડી શકે? લગ્નના આટલા વર્ષે પતિ જ પોતાની પત્નીને ઓળખી ન શકે તો પરિવારજનો પાસેથી અપેક્ષા રાખી શકાય? તમારા પ્રેમના સહારે સ્નેહા, એ સાબિત કરવા નીકળી હતી કે લોહીનાં સંબંધ કરતાં લાગણીનાં સંબંધો વધારે ચડિયાતા હોય પણ કદાચ એની ધારણા ખોટી પડી હોય એવું મને લાગી રહ્યું છે. મમ્મી પપ્પાની વિરૂદ્ધ જઈ સ્નેહા એ તમારી સાથે લગ્ન કર્યા અમે દુ:ખી ન થઈએ એટલે એ અમને કશી ફરિયાદ નથી કરતી પણ એનો અર્થ એ નથી કે તેનું પિયરમાં કોઈ નથી. હવે તમે કહો આવું બધું જોઈ સાંભળી હું મારી બહેનને મારા ઘરે લઈ જાઉં કે નહીં.?

અભયની વાત સાંભળી સાગરની આંખો સામે પોતે અને પોતાના પરિવારે સ્નેહાને કરેલો અન્યાય ચલચિત્રની માફક ફરી વળ્યો. સાચું સમજાતા પોતાનાં જીવનની નૈયાને ડૂબતી બચાવવા સાગરે પૂર્વગ્રહને પૂર્ણાહુતિ આપી. અભય અને સ્નેહાની માફી માંગી પ્રેમના પ્રકરણનો ફરી પ્રારંભ કર્યો.

પૂજા(અલકા)કાનાણી

---

*NOG SS NO: 004*
વિષય: પૂર્ણાહુતિ
પ્રકાર: ગદ્ય
શબ્દો:૩૪૯
શીર્ષક: જ્વાલ

ઘરમાં નવચંડીનો યજ્ઞ ચાલતો હતો. શુભ્રા પોતાનાં શયનખંડમાં બેઠી હતી, ત્યાં જ તેનો પુત્ર સોમિન તેને બોલાવા આવ્યો . તે બહાર આવી તો કપુર ને અગરબત્તીની સુવાસ તેની નાશિકા દ્વારા ફેફસા પર ટકોરા મારવા લાગી. તેને સખત ખાંસી ઉપડી. તે છતાંય

આજનું યુધ્ધ લઢવા તૈયાર હતી. ખાંસી ખાંસીને તે લાલઘૂમ થઈ ગઈ હતી. બોલી પણ નહોતી શકતી. તેની સાસુ ને નણંદ બન્નેએ મોં મચકોડ્યાં. સાસુ બોલ્યા કે જરાય સહન શક્તિ નથી ને નણંદ બોલી કે ટોલરેશનનો પૂર્ણ અભાવ !

રજત જાણતો હતો કે શુભ્રાને સખત એલર્જી છે, છતાં આજે તે જીદે ચઢ્યો હતો. મહારાજે પણ કહ્યું કે

થોડીવાર પછી આવવું હતું બેટા. પાંચ વર્ષે પણ તેના અંગત લોકો સમજતા નથી એ દુ:ખે તેની આંખમાં આંસુ

આવ્યા.સોમિન પૂછતો હતો," મમ્મા કેમ રડે છે?"

તેણે ઉત્તર આપ્યો ," બેટા આ ધૂમાડાથી આંખોમાં પાણી આવ્યું છે રડતી નથી." આ ચાર વર્ષના બાળકને શું સમજાવે?

જેવું નાળિયેર હોમાયું કે હવનની પૂર્ણાહુતિ થઈ તે સીધી પોતાના શયનખંડ તરફ દોડી.પથારીમાં પડી પડી ફફક ફફક કરી રડી રહી. તે જ સમયે સરલ તેનો દિયર

ત્યાંથી પસાર થતો હતો, તેણે આ જોયું. બન્ને હમ ઉમ્ર હતા તેથી કે કોઈ લાગણીથી તે શુભ્રાને માન આપતો.

તેણે આવી શુભ્રાને પાછળથી ઊંચી કરી નજીક ખેંચી અને પોતાની પાસે ખેંચી લીધી.એક હૂંફની જ્વાલા ભડકી

અને બન્ને જણાં સમર્પણની ભાવનામાં ડૂબી ગયાં.

બહાર ,અચ્યુતમ કેશવમ કૃષ્ણ દામોદરં, રામનારાયણં જાનકી વલ્લભમ ગવાતું હતું ને અંદર એક પ્રેમની ને હુંફની ભૂખ સંતોષાતી હતી. ભાન આવતા શુભ્રા મર્યાદા સાચવી ઊભી થઈ ગઈ. ભૂલ થતાં બચી ગઈ પણ તેના મને નક્કી કરી દીધું કે આ પ્રેમ હીન સંબંધોની પૂર્ણાહુતિ કરે જ છૂટકો છે. તેણે બેગ ભરી ને શયનખંડનાં ઉંબરાને ઓળંગી બહાર પ્રસાદની વહેંચણી થતી હતી ત્યાં આવી જાહેર કર્યું કે હોમાયેલા નાળિયેરની જેમ હવે

તેનાંથી નહિ જિવાય આ ઘરમાં માટે હું ઘર ત્યજી જાઉં છું. મારાં પુત્રને નથી લઈ જતી ન કસ્ટડી માટે દાવો કરીશ. મારાંમાં રહેલી જ્વાલાથી એનું જીવન જાણે અજાણે નહિ બગાડું. તે સડસડાટ ચાલી નીકળી.

રજતને શુભ્રાએ કરેલી આજીજી યાદ આવી, તેની માતા ને બેનની જીદ યાદ આવી , તે ખૂબ પશ્ચાતાપ કરવા લાગ્યો.નવચંડી કરવા જતા પત્નીનું ચંડી રૂપ ને તેના તનમનની જ્વાળાથી તે દાઝી ગયો.જ્યાં પ્રેમ નહિ સંબંધો

મહત્વના તેણે જોયાં.

જયશ્રી પટેલ ૧૧/૯/૨૨

---

NOG SS No.0081
વિષય: પૂર્ણાહુતિ
પ્રકાર : પદ્ય
શીર્ષક: ઈશનું સખ્ય

મન ચકડોળે ચઢી જાય,જોઈ શબનમ,
કળા કેવી કુદરતની, જળનું આ અનોખું રૂપ!
કદી વર્ષા,કદી ફોરાં ,કદી અનરાધાર,
મન માનવનું પણ પામે આમ જ સ્નેહધાર .
જન્મે બાળ,પામે પ્રેમ, સ્વજન કે અવરનો,
આયખાની આ નિસરણીએ ચઢતો જાય મલપતો.
પામ્યો પ્રેમ આપવો, એ પણ નિયતિ,
મા તાત,ભાર્યા,નાથ, ચાહે સ્નેહ સંતતિ.
આયખાની મજધારે, હંફાવે જ્યારે ફરજ,
રણમાં ત્યારે બળબળતી હોય જાણે બપોર.
હાંફતા આવે યાદ ઈશની, શક્તિદાતા આપો શાતા,
સુખે નવ સમર્યા, સમરું આજે, ઉગારો વિધાતા.
આવ્યો અંત ઢૂંકડો, તોય જીવ માયામાં ગૂંચવાય,
પૂર્ણાહુતિ જો ચાહો ભવ્ય , સદા ઈશનું રાખો સખ્ય!

#©માયા દેસાઈ
મુંબઈ ભારત.

---

NOG SS NO. -0034
વિષય : પૂર્ણાહૂતિ
વિભાગ : ગદ્ય ( વાર્તા )
શબ્દો : ૨૮૩
શીર્ષક: સંકલ્પ

હાથમાં દાંતરડું લઈને ગુસ્સામાં જ જીવલી બોલી, આજની પૂર્ણાહૂતિ તો મારે હાથે જ થશે. આ યજ્ઞમાં નારિયેળ તો હું જ હોમીશ.× અને એક જ ઘાએ યજ્ઞકુંડ પાસે ઉભેલાં કાળુને એણે નપુંસક બનાવી દીધો!

જીવલીનું રૌદ્ર સ્વરૂપ જોઈ બે ઘડી મંડપમાં સન્નાટો વ્યાપી ગયો. શું થયું, એ સમજમાં આવ્યું ત્યારે હાહાકાર વર્તાઈ રહ્યો. તરત જ કાળુને દવાખાને દાખલ કરવામાં આવ્યો.કરશનમુખીએ જીવલીને પોલીસને હવાલે કરી. પરંતુ તેનાં મોં પર અફસોસનો છાંટોય નહોતો. એણે જે કર્યું એનાથી ગામની દરેક વહુ દીકરીને અભય મળ્યું હતું.

વાત જાણે એમ હતી કે, કરશન મુખીનો વંઠેલ દીકરો કાળુ બાપાનાં પૈસે લહેર કરતો અને આખા ગામમાં હરાયા ઢોરની માફક રખડતો. દુનિયા આખીની બદીઓ એમાં હતી. હમણાંનો શહેર જઈ આવ્યો પછી તો ગામની વહુ-દીકરીઓની છેડતી કરવાનો એક પણ મોકો ચૂકતો નહીં. રક્ષક જ્યારે ભક્ષક બને તો ફરિયાદ પણ કોને કરવી!

પરંતુ, ગઈકાલે તો એણે મર્યાદાની બધી હદ વટાવી દીધી. સૂરજ બરોબર માથે ચડ્યો હતો એ વેળાએ ખેતરોમાં ખાસ કોઈ હતું નહીં.સૌ કોઈ જમી પરવારીને છાંયો ગોતીને આડે પડખે થયાં હતાં. એ સમયે ખેતરનાં કામથી પરવારેલી જીવલી કૂવા બાજુ આડશ ગોઠવી ન્હાવા બેઠી'તી.ત્યાં દારૂ પીધેલો કાળુ નીકળ્યો અને જીવલીનું જોબન જોઈને ગાંડોતૂર થ્યો. બળજબરીથી તે જીવલીને બાજુની ઝાડીઓમાં તાણી ગયો.એનાં મોંમાં ડૂચો મારીને એણે એની આબરૂ લૂંટી.

કાળજું કઠણ કરીને લથડિયાં ખાતી તે માંડ-માંડ ઘરે પહોંચી.તેનાં અંગેઅંગમાં કળતર થતું હતું. એ આખી રાત જીવલી ગુસ્સામાં તડફડી. એકઘડી તો થયું કે, કૂવો પૂરી લે.પણ તેનો માંહ્યલો પોકારી ઉઠ્યો,×તું મા કાળીનો અવતાર છો, તું આત્મહત્યા કરીશ તો કાલે બીજી જીવલીનું શિયળ લૂંટાશે.રોજ-રોજ આમ થશે!× મનમાં એક સંકલ્પ કરીને નવી પ્રભાતે તે ઊઠી.

આજે મુખીનાં ઘરે યજ્ઞ હતો. આખાં ગામને નોતરું હતુ. પાપ કરનારાઓ પુણ્ય કમાઈ રહ્યાં હતાં! રણચંડીની જેમ તે આવી અને એક જ ઝાટકે એનો સંકલ્પ પૂરો કર્યો.

--ડૉ. રેખા શાહ

---


NOG SS NO - 0050
વિષય- પૂણાર્હુતિ
પ્રકાર - પદ્ય મૌલિક

.......................................

એક નજર કરીએ એટલે સ્થિતયંતરો થાય..!
પૂર્ણાહતી સાથે હતાશા દર્શાવે છે..!
સવારી ચાલી શબ્દોની નાવ લઈને...!
મારાં, તારાં , આપણાં રસ્તાઓ છેદી ભેદીને..!
માત્ર ખેવના હાથમાં છે..!
પાંખ હોય તો ઉડાઈ દૂર વાદળો મહીં...!
શ્વાસ મહીં મધ્યે મોહરી વસંત..!
જીવનની પરિકાષ્ઠા કહો કે પૂર્ણાહુતિ..!
પડખાં ફરી રહેલાં હૃદય પર હજીએ શબ્દો તણિ પુર્ણાહુત નોંધ લે છે..!
ઉચ્ચેરા વાદળની આંખે છે ધરા પર...!
ઈશ્વરને પ્રશ્નાત્મક સંભાળવી દે છે...!
મર્કટ આ મનડું તો આમતેમ ભટકે..!
ધરતી કેરી ઉષ્મા વરાળ થાય આભેને ,
પાછી આવે જળ બનીને પૂર્ણાહુતિ થાય..!
પણ આરંભાય અને પૂર્ણાહુતિ શાણપણમાં..!. થાય ભલે પ્રલય આગ થકી..! પણ દ્વેશ કે અનુભવ્યો વિનાશ શું કારણ બને ..!
મારી ધ્વની ની વાત કરતાં થાશે પુર્ણાહુતી..!
વર્ષોના ઇન્તજાર પછી વિચારોની પરિપકવતા, ભાષાનો વૈભવ, કવિતાની તિરોધાત્મકતા અને લાઘવની સંવેદના..!
માનવ જીવનની વાસ્તવિકતા છે..!
ઘડતર, પકવતા ,પ્રગતિ ,
વિકાસ એ કાંઈ પુર્ણાહુતિ નથી..!
જ્ઞાન સત્રની કદી પૂર્ણાહુતિ થાતી જ નથી..!

રાગીની શુક્લ "રાગ"
મુંબઈ.


---




માંગું છું..
પીડાઓ હૈયાસરસી ચાંપી રાખું છું,
ને પાંપણ પાળે સપના મીઠા વાવું છું.
જો હોય તમારી મરજી તો ઠીક છે આપો,
લંબાવી હાથ કશું પણ હું ક્યાં માગું છું.
રંગીન નજારો છે એ સઘળો પળભરનો,
સ્વપ્ન મજાનું, નીંદ ઉડે ત્યાં બસ ખોવું છું.
સમસ્યાઓ છે સૌને પોતાની, તેથી તો,
પીડા દિલની કોઈ સામે ના રોવું છું.
આંસુ નયનનાં જોઈ કાં માનો કે રડું છું?
ભીતરનાં નીરથી ખાલી આંખો ધોવું છું.
નિરંજન શાહ 'નીર'(ગાંધીનગર)



ગઝલ - ચહેરો તમારો...
નરી આંખે જોવું ચહેરો તમારો
નદી પાસે શોધું ચહેરો તમારો
પહેલી મુલાકાત યાદો તમારી
નજર સામે ખોવું ચહેરો તમારો
નથી વાત મારી નથી વાત તારી
ગગન વાટે દોરું ચહેરો તમારો
જુકી આમ પ્રીતિ હતી જે અનામી
નરમ હાથે ધોવું ચહેરો તમારો
હજી શિવ સતી હાથ જોડી હું માગું
મળે ભૂલ કોરું ચહેરો તમારો
અંકિત ચૌધરી 'શિવ'



તારી યાદ....
નવા રણકારે સળવળે છે મેઘધનુષી સવાર
ખળખળ વહેતા મીઠાં ઝરણાં જેવી આવે તારી યાદ...
ધગધગતી ધૂણી જેવા વિચારે વર્તાય શૂન્યાવકાશ
સળગતા દેહમાં હેમ સરીખી વળગી રહેતી નિરંતર તારી યાદ...
પ્રતિક્ષાની પળે પંખી કલરવે ને સૂરજ આપે સાદ
સ્પર્શનાં સ્વાદ વિના સુતાં-જાગતાં સાથે થંભેલી તારી યાદ...
દરરોજનાં ભરચક સમયે વર્તાય તારો ખાલીપો
અનહદ ખટમીઠી વાતોમાં પ્રેમનાં બટકાં ભરતી તારી યાદ...
લાગે છે ખંડેર આકાશી અસ્તિત્વનો એહસાસ
આંખ મીંચાતા હ્દયનાં ઊંડા સઘળાં તોફાનો શાંત કરે તારી યાદ...
ભાવિકા વ્યાસ....'ભાવિ' (જૂનાગઢ)



પૈસા કમાવા તો ડાબા હાથ નો ખેલ છે
કમનસીબી એ છે કે જન્મથી જ જમણેરી છું
સૌ એમ કહે છે કે પૈસા તો હાથ નો મેલ છે
એ માની સ્વચ્છ રહેવા એ મેલ થી દૂર રહું છું
જમણો જમાડે ને ડાબો ડૂબાડે એવું સૌ માને છે
બધા કામ જમણાં હાથે જ કરુ છું છતાં ડૂબેલો છું
હાથ હલાવ્યાં વગર કોળિયો પણ મોંમાં પેસતો નથી
આખો દી હાથલારી ચલાવું છતાં કોળિયો ક્યાં પામું છું
હજાર હાથ વાળો બેઠો છે ને ના કર ચિંતા સઘળું આપશે
બસ એમાં મારો નંબર ક્યારે આવશે તેની ચિંતા કરુ છું
મૌલેશ બહાદુરશાહ પંડિત (અમદાવાદ)


## રશિયા પાસેથી ૧ સપ્તાહમાં ૧,૦૦૦ વર્ગ કિ.મી. વિસ્તાર છોડાવ્યો : યુક્રેનનો દાવો

કીવ,તા.૧૧

રશિયન સંરક્ષણ મંત્રાલયે યુક્રેનના પૂર્વીય ખારકીવ પ્રદેશમાં બે મહત્વપૂર્ણ વિસ્તારોમાંથી તેનું સૈન્ય પાછું ખેંચવાની જાહેરાત કરી છે ત્યારે યુક્રેને છેલ્લા એક સપ્તાહમાં ૧,૦૦૦ વર્ગ કિ.મી. વિસ્તાર રશિયા પાસેથી છોડાવી લીધો હોવાનો દાવો કર્યો છે. યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ કહ્યું કે, ખારકીવ ક્ષેત્રમાં ૩૦થી વધુ વસતીને તેમણે મુક્ત કરાવી લીધી છે.

યુક્રેનના બીજા સૌથી મોટા શહેર ખારકીવની દક્ષિણે યુક્રેનીયન દળોએ આગેકૂચ કરી હોવાના અહેવાલો પછી આ સમાચાર આવ્યા છે. રશિયા સાથે યુદ્ધના લગભગ સાત મહિનામાં રાજધાની કીવ પર કબજો મેળવવાના રશિયાના પ્રયત્નોને નિષ્ફળ કર્યા પછી યુક્રેનના દળોએ યુદ્ધમાં આ બીજી સૌથી મોટી સફળતા મેળવી છે.રશિયન સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા આઈગોર કોનાશેક્રોવે શનિવારે કહ્યું કે, યુક્રેનના ડોનેત્સ્ક પ્રાંતમાં બાલાકલિયા અને આઝિયુમ વિસ્તારોમાંથી દળોને પાછા બોલાવીને રીગ્રુપ કરાઈ રહ્યા છે. ખારકીવ પ્રાંતમાં રશિયન દળો માટે આઈઝિયુમ એક મોટું બેઝ હતું. ખારકીવ ક્ષેત્રમાં રશિયા દ્વારા નિયુક્ત એડમિનિસ્ટ્રેટર વિટાલી ગણચેવે જણાવ્યું હતું કે, રશિયન કબ્જાવાળા ભાગમાં સૌથી મહત્વપૂર્ણ શહેરી કેન્દ્રોમાંથી એક કુપિયાંસ્ક અને બે અન્ય શહેરોમાંથી નાગરિકોને કાઢવામાં આવી રહ્યા છે.

સંરક્ષણ નિષ્ણાતો મુજબ યુક્રેનના સૈનિક હવે કુપિયાંસ્કથી માત્ર ૧૫ કિ.મી. દૂર છે, જે એક આવશ્યક રેલવે જંક્શન છે. તેનો ઉપયોગ મોસ્કો યુદ્ધના મેદાનમાં તેના સૈનિકોને શસ્ત્ર-સરંજામના પુરવઠા માટે કરાઈ રહ્યો છે. માનવામાં આવે છે કે રશિયા માર્ગ અને હવાઈ માર્ગે આ ક્ષેત્રમાં વિશાળ એમઆઈ-૨૬ પરિવહન હેલિકોપ્ટરોનો ઉપયોગ કરી રહ્યું છે, જે પ્રત્યેક ૮૦ સૈનિકોને લાવવા સક્ષમ છે.



સન્માન...
ન મળે સન્માન તો શંકા નથી કોઈ,
વાત,મા અપમાન ની આશા ન હોઈ
આત્મ સન્માન વહાલું સહુને હોઈ,
ઉપેક્ષા, અમુક વર્ગોનીજ કેમ...??
આશા ન હોય કે ન હોય અપેક્ષા,
મને તો બસ એક હાસ્યની પ્રતિક્ષા,
સંબંધોની સહુસાથ મળી કરો રક્ષા,
ક્રમાંક, કે નામના ની ન હોય કક્ષા..
નીલમ ત્રિવેદી ની કલમે...

દ્વારકાપીઠનાં શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજીનાં દુખદ નિધનથી વ્યથિત છું. 99 વર્ષની ઉંમર સુધી એમણે જ્ઞાન અને સેવારૂપી ઝરણું નિરંતર વહેતું રાખ્યું, એમનું વિચારોરૂપી તેજ સદાય પ્રેરણા પૂરી પાડતું રહેશે. એમનાં દિવંગત આત્માને ઇશ્વર શાંતિ અર્પે એવી પ્રાર્થના.

ઓમ શાંતિ !



# પાટણવાડા ઔદિચ્ય બ્રહ્મ સમાજ આયોજિત ૩૪ મા સમૂહ લગ્નની મીટીંગ ચાણસ્મા ખાતે યોજાઈ



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લા ના ચાણસ્મા ખાતે ચાણસ્મા થી મહેસાણા જવાના હાઈવે ઉપર સાઈધામ મંદિર આવેલું છે. સાઈધામ મંદિરની અંદર પાટણવાડા ઔદિચ્ય બ્રહ્મ સમાજ ના પ્રમુખશ્રી વ્યાસ સુરેશભાઈ ની અધ્યક્ષતામાં મીટીંગ યોજાઈ. શરૂઆત ચાણસ્મા ના ભૂદેવો દ્વારા મંત્રોચ્ચાર કરી મિટિંગની શરૂઆત કરવામાં આવી હતી. આ મિટિંગમાં ખૂબ જ બહોળી સંખ્યામાં બ્રહ્મ સમાજના આગેવાનો અને જુદા જુદા ગામના બ્રહ્મ સમાજના ભાઈઓ અને ચાણસ્મા બ્રહ્મ સમાજના ભાઈઓ ચાણસ્મા ખાતે આવેલ સાઈ મંદિર માં હાજર રહ્યા હતા.

પાટણવાડા ઓદિચ્ય બ્રહ્મ સમાજ ના આગેવાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.ચાણસ્મા ઔદિચ્ય બ્રહ્મ સમાજ તરફથી વ્યાસ ઘનશ્યામભાઈ અને વ્યાસ ત્રીકમભાઈ એ પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી પ્રમુખશ્રી નું સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રમુખશ્રી ને વિશેષમાં પૂછતા તેમને જણાવ્યું હતું કે પાટણવાડા ઔદિચ્ય બ્રહ્મ સમાજ આયોજિત ૩૪ મા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સમૂહ લગ્નની તારીખ ૨૭/ ૧૧/ ૨૦૨૨ ના રોજ નક્કી કરવામાં આવી છે .સમુહ લગ્નનું શુભ સ્થળ ચાણસ્મા ખાતે આવેલ સાઈ મંદિરની અંદર રાખવામાં આવેલું છે. પ્રમુખશ્રીએ પાટણવાડા ઔદિચ્ય બ્રહ્મ સમાજના ભાઈઓ બહેનોને નમ્ર અપીલ કરી છે વધુમાં વધુ બહોળી સંખ્યામાં વર વર પક્ષ,કન્યા પક્ષ,અને બટુક પક્ષ ૩૪ માં સમૂહ લગ્નમાં જોડાય.

# અંબાજી મેળામા લગભગ ૫૦૦ જેટલા માઈ ભક્તો ને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા તાત્કાલિક સારવાર આપવામાં આવી



અંબાજી,

ગુજરાત સરકાર દ્વારા ચાલતી ૧૦૮ એમ્બ્યુલન્સ ની નિઃશુલ્ક સેવા દરેક સમયે લોકો માટે વરદાન રૂપ સાબિત થઈ રહી છે. છેલ્લા ૨ વર્ષથી કોરોનાના કારણે અંબાજી મેળોમોકૂફ રહેલ. તેથી આ વખતે અંબાજી મેળાનું આયોજન માં માઈભક્તો વિશેષ ઉત્સાહથી જોડાયા હતા અને અંદાજીત ૨૫ લાખ જેટલા ભક્તોએ માઁ અંબા ના દર્શન કર્યા હતા. માઁ અંબાના દર્શનાર્થે આવતા માઈ ભક્તો ના આરોગ્ય ને ધ્યાન મા રાખી ને આ વખતે GVK EMRI ૧૦૮ દ્વારા અંબાજી અને તેની આજુબાજુ માં વિવિધ જગ્યાએ દૂર દૂર થી આવતા માઈ ભક્તોને આરોગ્યલક્ષી સુવિધાઓ મળી રહે તે માટેનુ ખાસ આયોજન કરવામાં આવ્યુ હતુ અને ૧૧ એમ્બ્યુલન્સ ભક્તોની સેવા માટે ૫મી સપ્ટેમ્બર થી ૧૦મી સપ્ટેમ્બર માટે કાર્યરત કરવામાં આવી હતી.

આ ૬ દિવસમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા ૪૯૭ લોકોને તાત્કાલિક ઈમરજન્સી સેવા પૂરી પાડવામાં આવી હતી, તેમાં મોટે ભાગે અબ્ડોમીનલ પેઈન, રોડ અકસ્માત, ફોલડાઉન, ચકકર આવવાના, શ્વાસની તકલીફના તેમજ ઝેરી જીવજંતુના કરડવાના કેસ વધારે પ્રમાણમાં હતા.

આ તમામ ઈમરજન્સીમા ૧૦૮ એમ્બ્યુલન્સના તાલીમબધ્ધ ઈમરજન્સી મેડિકલ ટેક્નિશિયન (EMT) અને પાઈલોટ (એમ્બ્યુલન્સ ડ્રાઈવર) દ્વારા તાત્કાલીક જીવનરક્ષક સારવાર આપવામાં આવી હતી.

Box :- બનાસકાંઠા અને પાટણ જિલ્લાનાના પ્રોગ્રામ મેનેજર શ્રી કમલેશ પઢિયાર સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતુ કે અંબાજીનો મેળો કોરોના પછી પ્રથમ વાર યોજવામાં આવ્યો હતો અને તે માટે વહીવટ તંત્ર અને વિવિધ વિભાગ દ્વારા ખુબજ ઉમદા આયોજન કરવામાં આવ્યું હતું. મેળા દરમિયાન આવતા દર્શનાર્થીઓના આરોગ્યલક્ષી તકલીફને પહોંચી વળવા માટે જી.વી.કે ઈ. એમ.આર. આઈ (GVK EMRI) દ્વાર અદ્યતન મેડિકલ સાધનો સાથે ૧૧ (અગિયાર) ૧૦૮ એમ્બ્યુલન્સ અને ૫૧ જેટલા તાલીમબદ્ધ ઈમરજન્સી મેડિકલ ટેક્નિશિયન (EMT) અને પાઈલોટ (એમ્બ્યુલન્સ ડ્રાઈવર)ને ફરજ સોંપવામાં આવી હતી તથા કોઈ સ્ટાફને તકલીફ ના પડે તે માટે સુપરવાઈઝરશ્રી ને સૂચના આપવામાં આવી હતી. ૧૦૮ના કર્મચારીઓનો ઉત્સાહ મળી રહે તે માટે સુપરવાઈઝર નીતિન પટેલ અંબાજી ખાતે ૨૪/૭ હાજર રહ્યા હતા તથા મેળા દરમિયાન કોઈ એમ્બ્યુલન્સ બ્રેક ડાઉન થાય તો તેને તરત જ રીપેર કરી કાર્યરત કરવા માટે ફલીટ પાઈલોટ કિરણ પરમાર પણ ત્યાં હાજર રહ્યા હતા. તેમને વધુમાં જણાવ્યું હતું કે રોડ અકસ્માતના તેમજ એબ્ડોમીનલ પેઈન/ચક્કર આવવાના હોયકેસ મા વધારો જોવા મળ્યો છે. આ ૬ દિવસ નો કાર્યકર્મ શાંતિથી પૂર્ણ થતાં ૧૦૮ ના અધિકારીશ્રીઓ દ્વારા તથા એમ્બ્યુલન્સ સ્ટાફ દ્વારા જગત જનની માઁ અંબા ના શિખરે ધજા ચઢાવવામાં આવી હતી અને મેળાની પુર્ણાહુતી કરવામાં આવી હતી. લક્ષ્મણ ઠાકોર અંબાજી

# ગુજરાતના સૌથી યુવા ઉદ્યોગપતિ ચિંતન મહિડાને "યંગ લીડર ઓફ ધી યર" એવોર્ડથી સન્માનિત કરાયા

## ● અમદાવાદ ખાતે સોલાર ક્વાર્ટર દ્વારા "સ્ટેટ લીડરશિપ એવોર્ડ ગુજરાત ૨૦૨૨" યોજાયો




અમદાવાદ ,

તારીખ ૦૯.૦૯.૨૦૨૨ ના રોજ અમદાવાદ ખાતે હોટેલ હયાતમાં સોલાર ક્વાર્ટર દ્વારા "સ્ટેટ લીડરશિપ એવોર્ડ ગુજરાત ૨૦૨૨" આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌર ઊર્જા ક્ષેત્રેમાં પોતાનું અમુલ્ય અને અસાધારણ યોગદાન આપનાર ઉદ્યોગપતિઓનું એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. અગ્રણી યુવા ઉદ્યોગપતિ, સૌથી નાના ઉદ્યોગસાહસિક તરીકે સમગ્ર ગુજરાતમાં આગવી ઓળખ ઉભી કરી પર્યાવરણને બચાવવા સૌર ઊર્જા અને ગ્રીન એનર્જી ક્ષેત્રે ખુબ મોટુ યોગદાન આપનાર જલાર્ક સોલર સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર ચિંતન મહીડાને આજરોજ "Young Leader of the Year" તરીકે ગુજરાતમાંથી પસંદગી કરવામાં આવી અને સોલાર ક્વાર્ટર દ્વારા તેઓને "યંગ લીડર ઓફ ધી યર" એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. દિલીપસિંહ મહિડાના પુત્ર ચિંતન મહિડાનો જન્મ અને ઉછેર ગુજરાત રાજયના ખેડા જિલ્લાના નડિયાદમાં થયો હતો અને ૨૧ વર્ષની વયે પોતાની સોલાર કંપની શરૂ કરી ત્યારથી તે ઉદ્યોગસાહસિક છે. ચિંતન મહિડાએ તેમની કારકિર્દી ગ્રીન એનર્જી સોલ્યુશન પ્રોવાઈડર બનાવવા પર કેન્દ્રિત કરી હતી. લોકો માટે શક્ય તેટલી નોકરીની નવી તકો ઊભી કરવી અને વધુ ને વધુ જરૂરિયાત મંદ યુવાનોને રોજગારી મળી રહે તે તેમનો જીવનમંત્ર છે. તેઓની આ ઝળહળતી સિદ્ધિ બદલ સગા-સબંધીઓ, સ્નેહીજનો, મિત્રો, સામાજીક રાજકીય અને આગેવાનો, સંતો-મહંતો વગેરે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

આપનો વિશ્વાસુ,
બ્રિજેશ ભેડા
મો. ૯૫૧૦૭૬૫૪૩૨

# 'વિવિધ રાજ્યોના સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રીશ્રીઓએ એક્વાટિક ગેલેરીની મુલાકાત લીધી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના ડ્રીમ પ્રોજેક્ટ એવા સાયન્સ સિટીની વિવિધ ગેલેરીઓથી સાયન્સ એન્ડ ટેક્નોલોજીના મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓ ખૂબ જ પ્રભાવિત થયા

સાયન્સ સિટી ખાતે યોજાયેલી બે દિવસીય સેન્ટર-સ્ટેટ સાયન્સ કોન્ક્લેવ-૨૦૨૨માં ગુજરાત સહિત આઠ રાજ્યોના સાયન્સ અને ટેક્નોલોજી મંત્રીશ્રીઓ ઉપરાંત મોટા ભાગનાં રાજ્યોનાં સાયન્સ અને ટેક્નોલોજી વિભાગના સચિવશ્રીઓ તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત રાજયના શિક્ષણ તથા સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ઉપસ્થિત મંત્રીશ્રીઓ તથા અધિકારીશ્રીઓને સાયન્સ સિટીની વિવિધ ગેલેરીઓ તથા ભવનોની મુલાકાત લેવા અનુરોધ કર્યો હતો.

વિવિધ રાજ્યોના સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રીશ્રીઓએ કોન્ક્લેવમાંથી સમય વિશેષ સમય ફાળવીને શ્રી જીતુભાઈ વાઘાણી સાથે એક્વાટિક ગેલેરીની મુલાકાત લીધી હતી. મધ્યપ્રદેશના સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રીશ્રી ઓમપ્રકાશ સકલેચા તથા આસામના મંત્રી શ્રી કેશવ મહંતો એક્વેટિક ગેલેરી નિહાળીને ખૂબ જ રાજી થયા હતા અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા સાયન્સ સિટીની ખૂબ જ પ્રશંસા કરી હતી.

રાજસ્થાનના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના સચિવ શ્રી મુગ્ધા સિંહા એક્વેટિક ગેલેરીથી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

# 'ઝાંપ'ના ઝાંપેથી દીકરીઓની હરણફાળ - ગામની બહાર પણ ના નીકળેલી દીકરીઓ હોકી રમતી થઈ

અમદાવાદ ,

નળકાંઠા વિસ્તારમાં આવેલું ઝાંપ ગામ...અતિ પછાત ગણી શકાય તેવું આ ગામ કોઈ વિશિષ્ટ રીતે જાણીતું નથી, પરંતુ દિવસ ઉગતા જ હોકી લઈને ફરતી દીકરીઓને કારણે આ ગામ આસપાસના વિસ્તારમાં કંઈક અંશે જાણીતું બન્યું છે. ગામની દીકરીઓ હોકી લઈને કેમ ફરે છે ? એવો સાહજિક પ્રશ્ન આપણને થાય, પરંતુ વાત હોકીની રમત સાથે સંકળાયેલી છે. ગામની દીકરીઓ અત્યારે નેશનલ ગેમ્સમાં સહભાગી થવા દિવસ રાત મહેનત કરે છે.

સમગ્ર અમદાવાદ જિલ્લામાં રમતના ક્ષેત્રમાં હોકીની રમતમાં પ્રથમ ક્રમાંકે આવનાર દીકરીઓની વાત જાણીએ,,, તો સાણંદ તાલુકાના નળસરોવરના ઝાંપ ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક શ્રી પ્રવીણભાઇ પટેલની બદલી થતા તેઓ અહી આવ્યા. ત્યારે તેમણે જોયું કે અહી ભણવા માટે દીકરીઓને શાળામાં મોકલાવામાં આવતી નહોતી. માતાપિતા ઘરકામ અને ખેતરના કામમાં દીકરીઓને સાથે લઈ જતા હતા. દીકરીઓને ભણાવવાનું કોઇ વિશેષ મહત્વ આ પરિવારો માટે નહોતું એ સમયે પ્રવીણભાઈએ ખુબ મનોમંથન કર્યુ કે એવું શું કરી શકાય કે શાળા છોડીને ગયેલી આ દીકરીઓ ફરીથી શાળામાં ભણવા આવે!!!!

શાળામાં શિક્ષક તરીકે પ્રવીણભાઇ પટેલ રમત-ગમતના શિક્ષક તરીકેની ડીગ્રી હોવાથી જોડાયા હતા એટેલે તેઓ શાળાના વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે અન્ય રમતો સારી રીતે રમાડી શકતા હતા.તેમણે ઝાંપ ગામની દીકરીઓને હોકી રમાડવાનું બીડૂ ઝડપ્યું. અને એક તૂટેલી હોકીના આધારે દીકરીઓને હોકી શીખવવાનું શરૂ કર્યુ. થોડા સમય પછી તો શાળામાં ન આવતી દીકરીઓ પણ આ જોઈને શાળામાં આવવા લાગી અને હોકીની રમતને શીખવા માટે તત્પર બની ગઈ. સમય જતા હોકીની રમત માટે જરૂરી એવી એક ટીમ પણ બની ગઈ. શિક્ષક શ્રી પ્રવિણભાઇ પટેલની મહેનત રંગ લાવી અને ઝાંપ ગામની દીકરીઓ હોકીની ટીમ બનીને અન્ય ટીમ સાથે રમતમાં ઉતરવા તૈયાર બની ગઈ.




# મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાતની પહેલી 'સીનેમેટિક ટુરિઝમ પોલિસી'નું લોન્ચિંગ

- ■ વિશ્વના ઉદ્યોગ અને વ્યવસાયકારો રોકાણ માટે ભારત અને ગુજરાત પર પસંદગી ઉતારી રહ્યા છે
- ■ અમારી ટિમ ગુજરાતને દરેક ક્ષેત્રે અગ્રીમ રાખવા પ્રયાસ રત
- ■ રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી પૂર્ણેશ મોદી, શ્રી અરવિંદ રૈયાણી અને અભિનેતા અજય દેવગણે આપી હાજરી
- ■ સીનેમેટિક ટુરિઝમ પોલિસી ૨૦૨૨-૨૭ થકી ગુજરાતમાં ફિલ્મ સર્જનની નવી ક્ષિતિજો ખુલી જશે: શ્રી પૂર્ણેશ મોદી



ગુજરાતની સૌપ્રથમ 'સીનેમેટિક ટુરિઝમ પોલિસી'નું લોન્ચિંગ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે અભિનેતા અજય દેવગણ, રાજય સરકારના મંત્રી શ્રી પુર્ણેશ મોદી અને અરવિંદ રૈયાણી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ સિનેમેટીક ટુરીઝમ પોલિસી ગુજરાતમાં ફિલ્મ ઈન્ફ્રાસ્ટ્રકચરના ડેવલપમેન્ટમાં મહત્વપૂર્ણ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમા વિકાસની રાજનીતિનો નવો યુગ શરૂ થયો છે અને ગુજરાત એમના જ માર્ગ દર્શનમા દેશનું વિકાસ મોડલ બન્યું છે.

ગુજરાત પોલીસી ડ્રીવન સ્ટેટ છે અને વિશ્વના રોકાણકારો માટે પસંદગીનું પ્રથમ સ્થાન બની ગયું છે.

આત્મ નિર્ભર ગુજરાતના નિર્માણ થી આત્મ નિર્ભર ભારત માટે આ પોલીસી ઉપયુક્ત બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

તેમણે કહ્યું કે આ પોલિસી ફિલ્મ મેકીંગ ક્ષેત્રાના સર્વિસ પ્રોવાઇડર્સને એક મંચ પર લાવી પ્રવાસન વિકાસને પણ અપ્રતિમ વેગ આપશે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે આ નવી પોલિસી ગુજરાતમાં ફિલ્મ નિર્માણ માટે સક્ષમ તકો ઉભી કરશે તેમજ સ્થાનિક લોકોને રોજગારીના અવસર પણ આપશે.

પ્રસિદ્ધ અભિનેતા અજય દેવગણે ઉપસ્થિત લોકોને જણાવ્યું હતું કે, આ સીનેમેટિક ટુરિઝમ પોલિસીના લોન્ચિંગ પ્રસંગે ઉપસ્થિત રહેવાનો આનંદ છે. તેમણે કહ્યું હતું કે, ગુજરાત સરકારે સીનેમેટિક ટુરિઝમ પોલિસી જાહેર કરી તેની મને ખુશી છે.

ગુજરાત સાથેના અનુભવો અંગે અજય દેવગણે જણાવ્યું હતું કે, અહીંની સંસ્કૃતિ, વિસ્તારો અને વિવિધ ગુજરાતી વાનગીઓ મને આકર્ષે છે. અહીંના લોકોનો પ્રેમ પણ ખૂબ સારો મળ્યો છે.

હું ગુજરાત સાથે વર્ષોથી જોડાયેલો છું. આ પોલિસીના માધ્યમથી ફિલ્મ જગતને સારો સહકાર મળી રહેશે.

આ પ્રસંગે પ્રવાસન મંત્રી શ્રી પૂર્ણેશ મોદીએ જણાવ્યું હતું કે, આજનો દિવસ એ ગુજરાતમાં સુવર્ણ અક્ષરે લખાશે. આ સીનેમેટિક ટુરિઝમ પોલિસી ગુજરાતના પર્યટનને આગળ વધારવામાં ખૂબ મહત્વની બની રહેશે. તથા આ પોલિસીથી ગુજરાતમાં રોજગારી ઉતપન્ન થશે. ગુજરાત આગામી દિવસોમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે પણ અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.ટુરિઝમ વિભાગના સચિવ શ્રી હારીત શુક્લાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સિનેમાના પડદે દર્શાવતું સ્થળ લોકોને યાદ રહી જાય છે અને બાદમાં તે ટુરિઝમ સ્પોટ બની જાય છે. દેશ-વિદેશના આવા અનેક સ્થળોનો પરિચય આપણને મુવીમાંથી મળે છે.

ગુજરાતમાં કચ્છનું સફેદ રણ, શિવરાજપુર બીચ જેવા અનેક સ્થળો છે જ્યાં શૂટિંગ સ્પોટ બની શકે તેવી વ્યાપક તકો છે. તેમણે સીનેમેટિક ટુરિઝમ પોલિસી થકી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે ગુજરાતમાં શૂટિંગની તકો વધશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

આ પોલિસી લોન્ચિંગ સાથે મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગુજરાતમાં ફિલ્મ મેકીંગ, સ્ટુડીયો ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એક્ટીંગ સ્કૂલ સહિતના વિવિધ વિષયોમાં રોકાણો માટેના કુલ રૂ.૧૦૨૨ કરોડના ચાર એમ.ઓ.યુ. પ્રવાસન વિભાગ સાથે કેટલાક રોકાણકારો દ્વારા કરવામાં આવ્યા હતા.

અભિનેતા અજય દેવગણે પણ રાજયમાં ફિલ્મ મેકીંગ અને સ્ટુડીયો ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા અન્ય સુવિધાઓ માટેના એમ.ઓ.યુ. કર્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.